### વર્લ્ડ બેન્કના લીડ કાઉન્સેલર વિક્રમ રાઘવને કહ્યું

# જુલાઈ 1944માં વર્લ્ડ બેન્કના પાયા નંખાયા

## જીએનએલયુમાં વર્લ્ડ બેન્ક વિષય પર કોન્ફરન્સ યોજાઈ

**CONFERENCE ON LAW**

સિટી રિપોર્ટર . અમદાવાદ

'જુલાઈ 1944માં યુનાઈટેડ નેશન મોનેટરી એન્ડ ફાયનાન્શિયલ કોન્ફરન્સ( બ્રેટનવૂડ કોન્ફરન્સ) માં હાલની વર્લ્ડ બેન્કના પાયા નંખાયા હતા. બીજા વિશ્વયુદ્ધમાં અસરગ્રસ્ત થયેલા દેશોનો આર્થિક રીતે સહાય કરીને પગભર કરવા, વર્લ્ડ બેન્કની સ્થાપના પાછળનો મુખ્ય હેતુ હતો. વર્લ્ડ બેન્કએ ભારતને સૌપ્રથમ લોન 1949માં ભારતમાં રેલવેના વિકાસ માટે આપી હતી'. આ શબ્દો છે વોશિંગ્ટન ડીસીમાં આવેલી વર્લ્ડ બેન્કના લીડ કાઉન્સેલર વિક્રમ રાઘવનના. જેમણે જીએનએલયુમાં વર્લ્ડ બેન્ક વિષય પર યોજાયેલી ટોકમાં આ વાત કહી હતી.

વિક્રમ રાઘવને વધુમાં જણાવતા કહ્યું કે, 1949માં



રેલવેના ડેવલપમેન્ટ માટે ભારતને વર્લ્ડ બેન્કએ 34 મિલિયન યુએસ ડૉલર આપી હતી. ભારત વતી આ લોનના એગ્રીમેન્ટ વિજયા લક્ષ્મી પંડિતે સાઈન કર્યો હતો. વર્લ્ડ બેન્કએ ભારતને લોન આપવાની સાથે જ્યારે ભારત-પાકિસ્તાનના ભાગલા થયા ત્યારે બંને દેશો વચ્ચે સિંધુ નદીના પાણીની વહેંચણીના મુદ્દે વિવાદ થયો હતો. જેમાં વર્લ્ડ બેન્કે મધ્યસ્થી બનીને 1960માં સિંધુ નદીના પાણીના વહેંચણી મુદ્દે સંધી કરાવી હતી.

### વર્લ્ડ બેન્કએ પહેલી લોન ફ્રાન્સને આપી હતી

વર્લ્ડ બેન્કની સ્થાપના થયા બાદ તેણે પ્રથમ લોન ફ્રાન્સને આપી હતી. વર્લ્ડ બેન્કે ફ્રાન્સને 250 મિલિયન યુએસ ડૉલરની લોન આપી હતી. લોન ખૂબ કડક શરતોને આધીન આપવામાં આવી હતી. આ સાથે લોન જે ઉદ્દેશ્યથી આપી છે તે ઉદ્દેશ્યમાં જ ફ્રાન્સ નાણા ખર્ચી રહ્યું છે તેની દેખરેખ રાખવા માટે વર્લ્ડ બેન્કના કર્મચારીઓની એક મોનિટરીંગ ટીમ પણ બનાવવામાં આવી હતી.

Scanned by CamScanner